# રાજકોટ કુબલીયાપરામાં ૧૫ ઝૂપડા આગમાં બળી ગયા: નાસભાગ મચી

## મુખ્ય ફાયર સ્ટેશન, બેડીપરા, કોઠારીયાનો સ્ટાફ આગ ઓલવી : તમામ ઘરવખરી ખાખ

તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ, રાજકોટ શહેરના ભાવનગર રોડ પર કુબલીયાપરામાં પ્રજાસત્તાક પર્વની સવારે ઝૂપડાઓમાં આગ ભભૂકતાં નાસભાગ મચી ગઈ હતી. આગમાં ૧૫ ઝૂપડા બળીને ખાખ થઈ ગયા હતાં. મુખ્ય ફાયર સ્ટેશન તથા અન્ય ફાયર સ્ટેશનોના જવાનોએ આગને કાબુમાં લીધી હતી. આગમાં ઝૂપડાઓ સાથે ઘરવખરી, કપડા, ગાદલા, ગોદડા, ડોક્યુ મેન્ટા સહિત બળી ગયા હતાં. આગ લાગી ત્યારે સદ્નસિબે મોટા ભાગના ઝૂપડામાં રહેવાસીઓ હાજર નહીં હોવાથી જાનહાની ટાળી હતી

જાણવા મળ્યા મુજબ કુબલીયાપરામાં ભાણજીબાપાના પુલથી કુંઢવાળા ચોકની વચ્ચે નવા થોરાળા મેઈન રોડ પર આવેલ કુબલીયાપરા ઝૂપડપટ્ટી વિસ્તારમાં આગ લાગ્યાની જાણ રમેશભાઈ રામજીભાઈ કડસાગરીયાએ કરતાં મુખ્ય ફાયર સ્ટેશન, બેડીપરા ફાયર સ્ટેશન, કોઠારીયા ફાયર સ્ટેશનના બંબા સાથે ફાયર બ્રિગેડના અધિકારીઓ, જવાનો તુરત જ પહોંચી ગયા હતાં અને ૯:૩૦ કલાકે આગ કાબુમાં લઈ લીધી હતી. પાંચ ફાયર ટેકરો દ્વારા પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લેવામાં આવી હતી.

ફાયર બ્રિગેડ સુત્રોના કહેવા મુજબ તમામ ઝૂપડામાં પતરા લાગેલા હોઈ તે દૂર કરીને આગ બુઝાવવાની કામગીરી કરવી પડી હતી. ૧૫ ઝૂપડા બળી ગયા છે તેના માલિકોના નામ ગડીબેન અમરભાઈ ચારોલીયા, સાગરભાઈ કડવાભાઈ વાહનેકીયા, કરીબેન જયંતિભાઈ શિહોરીયા, સુનિલભાઈ દિનેશભાઈ વાઘરોલીયા, રવિભાઈ રાજુભાઈ ઉધરેજીયા, જગદીશભાઈ ગોવિંદભાઈ બાલાસરીયા, અશોકભાઈ શીશાભાઈ વાઘરોલીયા, હરેશભાઈ ટીલીભાઈ વાહનેકીયા, સુનિલભાઈ ગોવિંદભાઈ ગુલાબ, લાલજીભાઈ ભીખાભાઈ વાઘરોલીયા, રાજભાઈ જેન્તીભાઈ ઉધરેજીયા, મંગીબેન કડવાભાઈ વાહનેકીયા, ભાવનાબેન નરેશભાઈ બરાડીયા, આનંદભાઈ રમેશભાઈ સારોલીયા અને વીર બંસીભાઈ સારોલીયાનો સમાવેશ થાય છે.

આગ ઓલવવાની કામગીરીમાં બેડીપરા ફાયર સ્ટેશનના પંકજભાઈ ટાંક, વિશાલભાઈ પરમાર, કેતન માલકીયા, શૈલેષ ચૌધરી, મયુર નાકીયા, દર્શન ગોહિલ, ભીખાભાઈ સોલંકી, સુનિલ પટેલ, હિરેન રેથાળીયા, કોઠારીયા સ્ટેશનના પી. પી. ચુડાસમા, સંદિપભાઈ કાલીયા, ભરત વંશ, અનિલ સોલંકી, દશરથ લોલાણી, બળદેવ પાધરીયા, સુનિલ સાપરા, યોગેશ સાપરા, અલ્પેરશ ગોહિલ, પિયુષ વાડલીયા, મુખ્ય ફાયર સ્ટેશનના દિનેશભાઈ ચાંચીયા, અરવિંદભાઈ ધરજીયા, દેવાભાઈ કરમટા, સંજયભાઈ મકવાણા, હેમતભાઈ ડાંગર, વિશાલ બારૈયા, કાનજી મકવાણા, ધવલસિંહ રાજપૂત, કેતનભાઈ સેનવા, મેહુલ અણીયારા, અશોક કામળીયા સહિત ૩૧નો સ્ટાફ જોડાયો હતો. આગની ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાંથી પણ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં

આગની ઘટનાને પગલે થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ એન. જી. વાઘેલા, પીએસઆઈ મોહનભાઈ મહેશ્વરી સહિતનો સ્ટાઆફ પણ પહોંચ્યો હતો. આગ કઈ રીતે લાગી તે જાણવા તપાસ થઈ રહી છે.

# રાજકોટના એસ્ટ્રોન નાળા પાસે ફ્રુટ સાથે ૧૦ થડા આગ ભભૂકી: નાના ધંધાર્થીઓને મોટું નુકશાન

## વહેલી સવારની ઘટના: ફાયર ટીમે આગ બુઝાવી: આગ લાગ્યાનું કોઈ ચોક્કસ કારણ નહીં

તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ, રાજકોટ શહેરના એસ્ટ્રોન ચોકના નાલા પાસે સરાજા બેકરી નજીક ફુટના થડા-લારીઓમાં ૨૬મી જાન્યુઆરીની વહેલી સવારે આગ ભભૂકી ઉઠતાં ૧૦ ફુટના થડા-લારીઓ બળીને ખાખ થઈ ગયા હતાં અને સાથે ફુટનો મોટો જથ્થો પણ બળી ગયો હતો. આગથી પંદરેક લાખની નુકસાની થયાની જણાતા માલવીયાનગર પોલીસે તપાસ હાથ ધરી છે. જાણવા મળ્યો મુજબ રાજકોટના એસ્ટ્રોનના નાલા સોમવારે વહેલી સવારે ફુટની લારીઓ-થડામાં આગ લાગતાં ફાયર બ્રિગેડના બંબા પહોંચ્યા હતાં અને આગને કાબુમાં લીધી હતી. આગથી લારીઓ, ફુટનો જથ્થો બળી જતાં મોટી નુકસાની થઇ હતી. આગમાં જે ૧૦ ફુટના ધંધાર્થીઓના થડા-લારીઓ અને સાથે ફુટનો જથ્થો બળી ગયા છે તેમાં અક્ષર માર્ગ પાસે મોદી સ્કૂલ નજીક ગૌતમનગરમાં રહેતાં રાજેશભાઇ રમેશભાઇ વઢીયારા, શોભનાબેન રાજશેભાઇ વઢીયારા, અશોકભાઇ છગનભાઇ વઢીયારા, આશાબેન અશોકભાઇ વઢીયારા, છોટુનગર પાસે ઝૂપડપટ્ટીમાં રહેતાં ભરતભાઇ રાજુભાઇ કુંવરીયા, સોનાબેન ભરતભાઇ કુંવરીયા, રાજુભાઇ શંકરભાઇ વઢીયારા, અશોકભાઇ રાજુભાઇ કુંવરીયા, રૈયાધારના ભરતભાઇ ડાયાભાઇ ગુજરવાડીયા અને વિજયભાઇ તુલસીભાઇ વઢીયારાનો સમાવેશ થાય છે. આગ બુઝાવવાની કામગીરી ઈમિત્યાઝભાઈ, શક્તિસિંહ, યોગીરાજભાઈ, સાદીકભાઈ, રાહુલભાઈ, દુષ્યંતસિંહ, નરેશભાઈ, શેખરદાન સહિતના સ્ટાફે કરી હતી.દરમિયાન માલવીયાનગર પીઆઈ જે. આર. દેસાઈની રાહબરીમાં પીએસઆઈ આર. આર. કોઠીયા સહિતે પણ ઘટના સ્થ ળે પહોંચી તપાસ શરૂ કરી હતી. એફએસએલની પણ મદદ લીધી હતી. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરતાં કંઇ શંકાસ્પદ સામે આવ્યું નથી. અહિ દરરોજ તાપણા કરવામાં આવતાં તેમાંથી તણખા ઉડીને નીકળ્યા બાદ આગ લાગી હોઇ શકે. જો કે આ મામલે સાચું કારણ બહાર આવેલ નથી.

# રાજકોટ માધાપર જીઆઇડીસી પાસેથી નવજાત બાળક જીવિત હાલતમાં મળ્યું

## કોઇએ પોટલું બાંધી અવાવરુ જગ્યાએ ફેંકી દીધું : લોકોને રડવાનો અવાજ આવતા પોલીસને જાણ કરી

તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ, રાજકોટ શહેરના ભાગોળે આવેલા માધાપર ગામે જીઆઇડીસી પાસે અવાવરુ જગ્યાએથી બાળકના રડવાનો અવાજ આવતા ત્યા આજુ બાજુમાં રહેતા લોકો ત્યા પહોંચી ગયા હતા અને ત્યા જઇ ને જોયુ તો એક પોટલામાં બાળક હતુ ત્યારબાદ આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી ગઇ હતી અને જરૂરી સારવાર આપ્યા બાદ બાળકને હાલ ઝનાના હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યુ હતુ

આ બનાવ અંગે આ બાળક કોણે ફેંકયુ તે અંગે પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી છે.વધુ વિગતો મુજબ માધાપર ગામે અવાવરુ જગ્યાએથી બાળક મળી આવાના મામલે હાલ ગાંધીગ્રામ પોલીસે વિસ્તારમાં આવતી હોસ્પિટલમાં તપાસ ચાલુ કરી છે. તેમજ આ બાળક હજૂ તાજુ જન્મેલુ હોવાનુ તબીબોએ જણાવ્યુ હતુ હાલ બાળકની સારવાર ઝનાના હોસ્પિટલમાં કરવામાં આવી રહી છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છ માં ઠંડીમાં વધારો: રાજકોટ ૧૧.૪ ડિગ્રી ગિરનાર ૮.૬, નલીયા ૯.૪ ડિગ્રી: સવારે–રાત્રે તાપણા શરૂ

રાજકોટ, રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છ માં ફરી કડકડતી ઠંડી પડતા લોકો ધ્રુજી ગયા છે.ઠંડીથી બચવા માટે લોકો તાપણા અને ગરમ વસ્ત્રોનો સહારો લઈ રહયા છે. લઘુતમ તાપમાનનો પારો આજે ફરી નીચે ઉતરતા ઠંડીની વધુ અસર થઈ રહી છે.

આજે ગિરનાર પર્વત ઉપર ૮.૬ ડિગ્રી, નલીયા ૯.૪, રાજકોટ ૧૧.૪, જામનગરમાં ૧૦.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ છે જુનાગઢમાં સવારે ગિરનાર પર ૮.૬, જૂનાગઢમાં ૧૩.૬ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. પરંતુ વાતાવરણમાં ૭૯ ટકા ભેજથી કાતિલ ઠારનું આક્રમણ થયું હતું.રવિવારે ગિરનાર પર ૪.૯ ડિગ્રી, સોમવારે ૬.૧ ડિગ્રી તાપમાન રહ્યા બાદ ૨૪ કલાક બાદ સવારે લઘુતમ તાપમાન ૨.૫ વધીને ૮.૬ ડિગ્રી નોંધાયું હતું. આમ ત્રણ દિવસ બાદ ઠંડી હતી. પરંતુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેતા અને ધુમ્મ સ પણ છવાઈ જવાના કારણે ગિરનાર કડકડતી ઠંડી અનુભવાઈ હતી.

ગિરનારની માફક સવારે જુનાગઢનું લઘુતમ તાપમાન પણ ૨.૫ ડિગ્રી વધીને ૧૩.૬ ડિગ્રી હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૯ ટકા રહેવાના પરિણામે લોકોને કાતિલ ઠારનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ ૩.૪ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાતા બરફીલું વાતાવરણ થઈ ગયું હતું.

જામનગરમાં લઘુતમ તાપમાન ૧૦.૫, મહતમ તાપમાન ૨૫.૬, ભેજનું પ્રમાણ ૬૫%, પવનની ગતિ ૩.૩ કિ.મી. રહી છે.

રાજયમાં લઘુત્તમ તાપમાનગિરનાર પર્વત ૮.૬ ડિગ્રી, અમદાવાદ ૧૭.૨ ડિગ્રી,અમરેલી ૧૨. ૨, બરોડા ૧૯.૦, ભાવનગર ૧૮.૦, ભુજ ૧૧.૦, દમણ ૧૭.૨ , ડીસા ૧૪.૬, દીવ ૧૫.૧, દ્વારકા ૧૪.૨, ગાંધીનગર ૧૫.૮, જામનગર ૧૦.૫, કંડલા ૧૨.૭, નલિયા ૯.૪, ઓખા૧૬.૫,પોરબંદર ૧૨.૦ ,રાજકોટ ૧૧.૪ , સુરત ૧૮.૦, વેરાવળ ૧૭.૮, જુનાગઢ ૧૩.૬ ડિગ્રી નોધાયું હતું

# રાજકોટના નંદા હોલ પાસે સફાઇ કામદારનું ચાલુ ફરજે હાર્ટએટેક આવતા મોત

રાજકોટ, રાજકોટના શહેરના ભગવતીપરામાં રહેતો અને કોર્પોરેશનમાં સફાઇ કામદાર તરીકે નોકરી કરતો યુવાન કોઠારીયા રોડ પર નંદાહોલ પાસે ચાલુ ફરજે હતો ત્યારે હાર્ટએટેક આવતા બેભાન થઇ ઢળી પડતા તેનુ મોત નીપજ્યુ હતું.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટના ભગવતીપરા મેઇન રોડ પર આવેલા અયોધ્યા પાર્ક શેરી નં.૨માં રહેતો અને મહાનગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે નોકરી કરતો સુનિલભાઇ લાખાભાઇ રાઠોડ (ઉ.વ.૪૫)નામનો યુવાન આજે સવારે ૮ વાગે કોઠારીયા રોડ પર નંદાહોલ પાસે સફાઇ કામદાર તરીકેની પોતાની ફરજ પર હતો ત્યારે અચાનક બેભાન થઇ ઢળી પડતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા ફરજ પરના તબીબે જોઇ તપાસી હાર્ટએટેક આવતા મરણ ગયાનુ જાહેર કર્યુ હતું.

પ્રાથમિક તપાસમાં મૃતક ચાર ભાઇ એક બહેનમાં નાનો અને વોર્ડ ૧૬ બમાં સફાઇ કામદાર તરીકે નોકરી કરતો હતો. તેને સંતાનમાં બે પુત્ર હોવાનુ જાણવા મળ્યુ છે.

આ અંગે ભક્તિનગર પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટ માધાપર ચોકડીના મેગા માર્ટમાંથી સ્ટોર મેનેજર –કર્મચારીની ૮.૨૯ લાખની ઉચાપત

## એમએનટી રીટેઇલ કંપનીમાં કલ્ટ્રર મેનેજરની ફરિયાદ આધારે બને સામે ગુનો દાખલ :ત્રીમાસીક ઓડીટમાં ભાંડો ફૂટ્યો

રાજકોટ, રાજકોટ માધાપર ચોકડી પાસે આવેલા મેગા માર્ટ શોપિંગ સ્ટોરમાં ફરજ બજાવતાં સ્ટોર મેનેજર અને કર્મચારીએ સાથે મળી છ મહિનાની અંદર અલગ અલગ કંપની જેમ કે યુએસ પોલો, એરો અને ફલાઈંગ મશીનના કાપડના પીસ રૂા. ૮,૨૯,૮૮પના સગેવગે કરી નાંખતાં બંને સામે ગુનો નોંધાયો છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે અમદાવાદ દાણીલીમડા ફીઝા એવન્યુ છીપા સોસાયટી-૫૦૪ ખાતે રહેતાં અને રાજકોટ, સુરત, અમદાવાદમાં એમએનટી રીટેઇલ કંપનીમાં કલ્ટ્રગર મેનેજર તરીકે નોકરી કરતાં મોહમ્મોદ યાસીન મોહમ્મદશરીફ રંગવાલા (ઉ.વ.૨૩)ની ફરિયાદ પરથી પંકજ ચોરવાડ અને પ્રથમ બખથારીયા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે.

મોહમ્મયદ યાસીને ફરિયાદમાં જણાવ્યું છે કે ગત ૧૭/૯/૨૫ના રોજ મારા ફોનમાં રાજકોટ બ્રાન્ચના માધાપર ચોકડી ખાતે આવેલ મેગા માર્ટ શોપના સ્ટોર મેનેજર પંકજભાઈનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તમારી અંડરમાં આવતા રાજકીટ ખાતેના શો રૂમમાં મેગા માર્ટ કંપની દ્વારા ત્રીમાસીક ઓડીટ કરાવેલ હોઈ અને આ ઓડીટ એપ્રીલ માસથી હાલ સુધી એટલે કે ૧૭/૦૯/૨૦૨૫ સુધી હોઈ જેમાં ઓડીટ બાદ કંપનીના માણસોએ જણાવેલ કે એપ્રીલ માસથી આજદિન સુધીમાં આવેલ યુએસ પોલો તથા એરો કંપની તથા ફલાઈંગ મશીન કંપનીના ઓર્ડર મુજબના પીસની ગણતરી કરતા કુલ ૮૨૯ પીસ સ્ટોકમાં ઓછા બતાવે છે.

સ્ટોર મેનેજર પંકજભાઈ ચોરવાડ કે જેઓ તમામ સ્ટોક તેમજ નાણાકીય વહીવટ સંભાળતા હાઈ તેને, મને અને શોપના તમામ સ્ટાફને સાથે રાખી ફરીથી ઓડીટ કરતાં એપ્રીલ માસથી સપ્ટેમ્બર માસ સુધીના આવેલા સ્ટોકમાંથી કુલ ૮૨૯ પીસ ઓછા હોવાનું માલુમ પડયું હતું. ત્રણેય કંપનીનો માલ સ્ટોક ઉપરનો અધિકાર મેનેજર તરીકે પંકજભાઈ ચૌરવાડને તથા તેની નીચે કામ કરતા સ્ટો રના સ્ટા ફ કર્મચારી પ્રથમ બખથારીયાને સોંપેલ હોઈ આ બંનેએ મળી પોતાની નોકરી દરમિયાન એમ.એન.ટી. રીટેઇલ કંપની સાથે વિશ્વાસઘાત કરી કુલ ૮૨૯ પીસ માલ સ્ટોક જેની કુલ કિમત રૂપિયા ૮,૨૯.૮ ૮૫ થાય છે તે ની ઉચાપત કરી સ્ટોરમાંથી કોઈપણ રીતે માલ સ્ટોક પોતાની રીતે સગેવગે કર્યો હોય તેવી શંકા હોઈ બંને સામે ગુનો દાખલ કરાવ્યો? હતો. તેમ વધુમાં મોહમ્મદ યાસીન રંગવાલાએ જણાવતાં પીઆઈ એચ. એન. પટેલની રાહબરીમાં પીએસઆઈ વી. જી. ડોડીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ત્રણ બેંક ખાતામાં ફ્રોડના ૭૨ કરોડના ટ્રાન્જેક્શન થતાં સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોધ્યો

## ગાંધીગ્રામ મોચીનગરમાં રહેતાં 'જોગીકૃપા એન્ટરપ્રાઇઝ' નામની પેઢીના સંચાલકની શોધખોળ

રાજકોટ, રાજકોટ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતાં અને જોગીકૃપા નામે કોમોડીટીના નામે પેઢી ચલાવતાં શખ્સે કરોડોના સાયબર ક્રાઇમના નાણાની હેરફેર પોતાની પેઢીના એકાઉન્સ મારફત કરતાં તપાસ શરૂ થઇ છે. સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા કરોડોના મોટા પાયે વ્યવહારો કરવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ મામલે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના કોન્સ. કિશોરભાઇ કે. રંગાણીની ફરિયાદ પરથી ગાંધીગ્રામ મોચીનગર-૬માં રહેતાં જોગીકૃપા એન્ટરપ્રાઇઝ પેઢીના સંચાલક મૈશરૂ/મૈસુર હીરાભાઇ ધ્રાંગીયા વિરૂધ્ધ બીએનએસની કલમ હેઠળ પોતાની પેઢીના બેંક ઓફ બરોડાના એકાન્ટ, એક્સીસ બેંકના એકાઉન્ટ અને એચડીએફસી બેંકના એકાઉન્ટોમાં સાયબર ફ્રોડના રૂા. ૧,૧૭,૧૪૬,૫૧૬ મેળવી આ રૂપિયા સાયબર ફ્રોડના હોવાનું જાણવા છતાં ચેક, એટીએમથી વીડ્રો કરી નાણા સગેવગે કરી આર્થિક લાભ મેળવવાનો ગુનો દાખલ કર્યો છે. આ રકમની ફરિયાદો સાયબર ક્રાઇમના પોર્ટલ પર છે. જ્યારે મશરૂની પેઢીમાં ચાર મહિનાના ગાળામાં અધધધ ૭૨ કરોડ ૯ લાખ ૭૭ હજાર ૩૭૦ના ટ્રાન્જેકશન થયા છે. હાલ આ શખ્સની સાયબર ક્રાઇમ પોલીસે શોધખોળ શરૂ કરી છે.

કિશોરભાઇ રગાણીએ ફરિયાદમાં જણાવ્યું છે ગત ૧/૯/૨૫ના રોજ જાગૃત નાગરીક દ્વારા એક અરજી આવી હતી. તેની સરકારના ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત તપાસ કરવામાં આવી હતી. જેમાં માલુમ પડયું હતું કે મશરૂ-મૈસુર ધ્રાંગીયાની પેઢીના ત્રણ અલગ અલગ બેંક એકાઉન્ટમાં કુલ રૂા. ૭૨,૦૯,૭૭,૩૭૦થી વધુના ક્રેડિટ વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ નાણાં સાયબર ફ્રોડ અથવા ચોરી દ્વારા મેળવીને ખાતામાં જમા કરાવ્યા બાદ તેને રોકડ સ્વરૂપે ઉપાડી લેવામાં આવતા હતા. પોલીસ સ્ટેટમેન્ટ મુજબ, આ તમામ રકમ એપ્રિલ ૨૦૨૫ થી ઓગસ્ટ ૨૦૨૫ ના ગાળા દરમિયાન ટ્રાન્સફર કરવામાં આવી હોવાનું ખુલ્યું છે. ૭૨ કરોડ ૯ લાખથી વધુના ટ્રાન્જેક્શન આ પેઢીના ત્રણ ખાતામાં થયા હતાં, બાદમાં કેશ વીડ્રો કરવામાં આવ્યા નું બેંક સ્ટેટમેન્ટ પરથી જણાયું હતું. આ નાણા સાયબર ફ્રોડ-ચોરીના હોવા છતાં પેઢી સંચાલકે ઉપાડી લઇ આર્થિક લાભ મેળવ્યો હોઇ ગુનો દાખલ કરાયો છે. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેંશનના પીઆઇ બી. બી. જાડેજા, પીએસઆઇ જી.કે. રાઠોડ, કોન્સ. કિશોરભાઇ કે. રંગાણી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજકોટમાં ડિજીટલ એરેસ્ટ કરી વૃધ્ધ પાસેથી રૂપિયા પડાવનાર બેંક ઓફિસર સહિત બેની ધરપકડ

## વૃધ્ધને ડરાવી ધમકાવી ૧ કરોડ ૧૪ લાખ પડાવ્યા હતા: બંને હરિયાણાથી પકડાયા

રાજકોટ, રાજકોટ શહેરના એરપોર્ટ રોડ પર પત્રકાર સોસાયટી નજીક એક્ઝાન નગરમાં રહેતાં અન નિવૃત જીવન જીવતાં વૃધ્ધા કુરબાન વલીજી બદામી (ઉ.વ.૭૬)ને ડિજીટલ એરેસ્ટ કરી રૂા. ૧,૧૪,૫૫,૦૦૦ પડાવી લેવાના ગુનામાં શહેર સાયબર ક્રાઇમ પોલીસે વધુ બે આરોપીને હરિયાણાથી પકડી લીધા છે. જેમાં એક શખ્સે ત્યાંની યશ બેંકમાં સેલ્સ ઓફિસર તરીકે નોકરી કરે છે. બીજો પ્રાઇવેટ નોકરી કરે છે. આ શખ્સનું એકાઉન્ટ? બેંકના ઓફિસરે ખોલાવી તેનો ફ્રોડ માટે ઉપયોગ કર્યાનું ખુલ્યું હતું. જેના આધારે બંનેને દબોચી લેવાયા છે. આ કૌભાંડમાં અગાઉ પોલીસ ૧૪ આરોપીને પકડી ચુકી હતી. આ બંને મળી આંકડો ૧૬ થયો છે.

ગત નવેમ્બર-૨૦૨૫માં આ ફ્રોડ મામલે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. વૃધ્ધને ગઠીયાએ ફોન કરી જીઓ કંપનીમાંથી બોલે છે, તમારો ફોન બે કલાકમાં બંધ થઈ જશે, તમારા ફોનનો ઉપયોગ ચાઈલ્ડી પોર્નોગ્રાફી, ઓનલાઇન ગેમ્બલીંગ અને સાયબર આતંકવાદમાં થયો છે તેમ કહી ડરાવી જો કોઈ ગેરકાયદે પ્રવૃતિ ન કરી હોય તો મુંબઈ ક્રાઈમ બ્રાંચમાં ખુલાસો કરજો તેમ કહી બાદમાં પીએસઆઈ શંકર સુરેશ પાટીલના નામે વિડીયો કોલ કરી મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે વૃધ્ધને ડરાવી તમારા આધારકાર્ડનો મની લોન્ડ્રીંગ, સાયબર ક્રાઇમમાં ઉપયોગ થયો છે, આવા ગુનામાં દસ વર્ષથી લઈ આજીવન કેદની સજા છે તેમ કહી ડિજીટલ એરેસ્ટ કરી રૂપિયા એક કરોડ ચૌદ લાખ પંચાવન હજાર પડાવી લેવાયા હતાં.

આ કેસની તપાસ દરમિયાન અગાઉ શહેર સાયબર ક્રાઇમ પોલીસ જેના જેના ખાતામાં નાણા જમા થયા હતાં તેવા તથા અન્ય રીતે ગુનામાં સામેલ હોય તેવા ૧૪ શખ્સોને પકડી લીધા હતાં. તપાસમાં હવે હરિયાણાના કર્નાલના સીરસી ગામે મધુબન કોમ્પેલેક્ષમાં રહેતાં અને કર્નાલ સેક્ટર-૧૨માં આવેલી યસ બેંકમાં સેલ્સ ઓફિસર તરીકે ફરજ બજાવતાં શુભમ્? રઘુવીરસિંઘ (ઉ.વ.૩૦) અને કર્નાલ સાની મહોલ્લા રાજીવ હોસ્પિટલ સામે ચારુ બજારમાં રહેતાં અને પ્રાઈવેટ નોકરી કરતાં શંકર સોહનલાલ રાજપૂત (ઉ.વ.૨૭)ના નામ ખુલતાં બંનેને ત્યાંથી ઝડપી લેવાયા છે.

શુભમ્? રઘુવીરસિંઘ યસ બેંકમાં સેલ્સ ઓફિસર હોઈ તેણે શંકર રાજપૂતના નામે બેંક એકાઉન્ટ( ખોલાવ્યું હતું અને તે એકાઉન્ટમાં રાજકોટના વૃધ્ધને છેતરીને મેળવાયેલા ૧ કરોડ ૧૪ લાખ પૈકીના ૧ કરોડ જમા કરાવી બાદમાં ટ્રાન્સફર કરી દીધા હતાં. આ રકમ તેણે કોને કોને ટ્રાન્સફર કરી? આ કામ માટે કેટલુ કમિશન મળ્યું? સુત્રાધાર કોણ છે? તે સહિતની તપાસ કરવા આ બંનેના રિમાન્ડ મેળવી વિશેષ તપાસ કરવામાં આવશે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બસીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ આ કામગીરી પીઆઇ જે. એમ. કૈલા, પીઆઇ એમ. એ. ઝણકાત, આર. જી. પઢીયાર, એએસઆઇ વિવેકભાઇ કુછડીયા, હેડકોન્સ. શીવભદ્રસિંહ જાડેજાએ કરી છે.